સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સીમા પર ઠેર ઠેર સૂતા છે આતંકી અજગર!
પૂંછડી દબાવીને છંછેડ્યો છે, આતંકી અજગર!
મારે છે લબકારા ભૂખી જીભે, આતંકી અજગર!
શિકારની શોધમાં સળવળે, આતંકી અજગર!
(હવે એલર્ટ રહેવું પડશે)

હાઈકુ

બનાવે તક,
રોજીંદી ઘટનાને -
'પ્રવેશોત્સવ'

ચગદે રોજ
અમૂલ્ય જિંદગીઓ -
બેફામ ગતિ..

ચિંતન

કાયઃ સંનિહિતાપાયઃ સંપદઃ પદમાપદામ્ । સમાગમાઃ સાપગમાઃ સર્વમુત્યાદિ ભંગુરમ્ ॥

'આ શરીરને જરા-વ્યાધિ-મૃત્યુરુપ વિનાશ વળગેલો જ છે, અર્થાત આ કાયા નાશવંત જ છે વળી જીવન દરમિયાન જે સંપત્તિઓ એકત્ર કરવામાં આવે છે, એની સાથે જ વિપત્તિઓ પણ આવતી જ રહે છે, અર્થાત સંપત્તિ જાય છ ત્યારે પોતાના સાથે વિપત્તિઓ મૂકતી જાય છે વળી સંસાર વ્યવહારમાં જે સગા-સંબંધી-સ્નેહીજનો સાથે સંયોગ થાય છે તેમની સાથે વિયોગ પણ નિશ્ચિત જ છે. આમ વિધાતા એ બધું જ નાશવંત ઉત્પન્ન કર્યું છે.'

જન્મથી મરણ સુધી બધુ જ નાશવંત છે. જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. ધન સંપત્તિ આવે છે એની સાથે ચિંતાઓ અને સદ્‌ગુણ ન હોય તો બીજા અનેક દુષણ-વ્યસનો પણ આવે સગાં-સંબંધી-પરિવાર આમ જુઓ તો એક જાતની હૂંફ છે પણ બધાના 'સ્વભાવ'-વૃત્તિ સાચી નથી હોતી પરિણામે કંકાસ અને વિયોગ પણ સાથે નથી હોતી પરિણામે કંકાસ અને વિયોગ પણ સાથે આવે છે આમ અહીં કોઇ-કંઇક - 'અમરત્વ' નથી. વૈરાગ્યનો વિચાર સતત સાથે રાખવો.

સુવિચાર

- નફરત કે સાથ ભીડ હૈ, નારા હૈ, જોશ હૈ, મેં બાત કરતા હું, મહોબત કી અમનકી, તન્હા હું ઔર જીંદા હું હૈરત કી બાત હૈ - વસીમ બરેલવી
- ભીતરનું નિર્મળ માન સરોવર આમ જોવા જા તો સુલભ છે, પરંતુ જે લોકો મૃગજળ પાછળ ગાંડા છે એમના માટે ચોર્યાસી લાખ જન્મોના ચક્કર ઊભાં જ છે. સાચા ઉપાસક તો હંસ બની ભીતરમાં ઉતરતાં શીખવાનું છે - રાજેસ વ્યાસ
- હસવું મર્યાદા ઓળંગે ત્યારે હાંસી બને, કોઇની ટીખળ નિર્દોષતા પાર કરે ત્યારે ટાંકણીની જેમ ચૂભે, મસ્તીનું રૂપાંતર મસ્તીખોરમાં થાય ત્યારે ખાસ સાવધ રહેવું પડે - એસ. ભટ્ટાચાર્ય
- સમસ્યા કે પડકાર આવે એનાં મૂળમાં આપણે પોતે જ છીએ, પોતાની નબળાઇ, અણઆવડત કે મર્યાદાઓને કારણે જ સમસ્યા કે પડકાર ઊભાં થતાં હોય છે - તમિલ કહેવત
- ક્યુ રાષ્ટ્ર કેટલું જીવંત છે તેની પરિક્ષા કરવી હોય તો, સ્ત્રી દાક્ષિણ્ય, સ્ત્રી-સન્માન અને સ્ત્રી સંરક્ષણની ભાવના એ રાષ્ટ્રના પુરુષ સમાજમાં કેટલી છે એ અવલોકન કરવું - ગુણવંત આચાર્ય
- જમાનાને નવો ચીલો ચાતરીને ચાલનાર વ્યક્તિ ગમે છે, બસ તમે એ ચીલો ચાતરવાનું શરું કરો, દુનિયા તમારી પાછળ ચાલી આવશે - મોરારિ બાપુ
- જૂઠના આ દૃશ્ય ચાલે ક્યાં સુધી, સત્યનો પડદો ના પડે ત્યાં સુધી - જયંત પાઠક

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

રમતગમતનું ક્ષેત્ર હોય કે અભ્યાસનું કોઇ પણ વિદ્યાર્થી જો મનથી નક્કી કરે કે મારે આ ક્ષેત્રમાં 'નંબર વન' થવું જ છે તો એને કોઇ જ પરિબળ અટકાવી ન શખે, મનોબળ મજબૂત જરુરી છે.

અમેરિકાની એક નિશાળમાં, શિક્ષકે વિદ્યાર્થીને કહ્યું કે તું કોઇ પણ એક વિષય પર, આ ટેબલ પાસે આવીને બે મિનિટ બોલ.'

વિદ્યાર્થી થરથરતો ટેબલ સુધી પહોંચ્યો પગે પરસેવા થયા, જીભ તાળવે ચોંટી ગઇ. મોંઢામાંથી એક પણ શબ્દ નિકળ્યો નહીં. વર્ગમાં હાંસી થઇ.

ઘેર જઇને એ વિદ્યાર્થી પોતાનો રુમ બંધ કરી ખૂબ રડ્યો અને એ વખતે એણે મક્કમ નિર્ધાર કર્યો 'હું હવે શ્રેષ્ઠ વક્તા બનીને જ રહીશ.'

વિદ્યાર્થી સતત, દરરોજ રાત્રે ફકરા મોઢે કરતો અને મોટે મોટેથી ભાષણ આપતો અને એક દિવસ શાળાની વક્તૃત્વ સ્પર્ધામાં મેડલ લઇ આવ્યો. આગળ જતાં આ વિદ્યાર્થી અમેરિકાનો પ્રખર વક્તા 'ડેનિયલ વેબસ્ટર' તરીકે વિખ્યાત થયો.

Email - sureshchandrabhatt18@gmail.com

વર્તમાન જ સાચો સમય છે, આપણે તેના માલિક છીએ આ સમયમાં જ યોગ્ય કર્મો કરી શકાય છે, વર્તમાન તો આપણને મળેલી મહાન સંપત્તિ સમાન છે, નવા કર્મો કરવા, અનાસક્ત ભાવે કર્મો કરવા એ વર્તમાનનો આદેશ છે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

કર્મમા જાયતે જન્તુઃ કર્મણેવ નિલીયતે ।
સુખં-દુઃખં ભયં-ક્ષેમ, કર્મળેવામિપદ્યતે ॥

પ્રાણીઓ કર્મયોગથી જ જન્મે છે અને કર્મના યોગે કરીને જ મૃત્યુ પામે છે, જીવન દરમિયાન પ્રાપ્ત થતા સુખ-દુઃખ તથા ભય અને કલ્યાણ આ તમામ કર્મયોગથી જ મળે છે.

- શ્રીમદ્ ભાગવતપુરાણ ૧૦-૨૪-૧૩

'સત્ય એ જ પરમ જ્ઞાન છે' તેવું સૂત્ર આપનાર શ્રીમદ્ ભાગવત ગ્રંથ તો ભક્તિનો મહાન ગ્રંથ છે. એ ભક્તિગ્રંથમાં પણ કર્મયોગને મહત્ત્વ અપાયું છે. એ કર્મની મહત્તા સૂચવે છે. જ્ઞાન-ભક્તિ કે કર્મ દ્વારા પરમને પામવાનો સિદ્ધાંત ગીતાજીમાં વ્યાપકપણે જણાવાયો છે. વિભિન્ન ઉપનિષદો તથા અન્ય ધાર્મિક ગ્રંથોમાં કર્મ તથા કર્મ કરવાના સંકલ્પોને પણ એવું જ મહત્ત્વ અપાયું છે. આ જીવન દરમિયાન વ્યક્તિએ પોતાની પ્રગતિ સાધવી કે અવગતિ પામવી તે અંગે વિચાર કરવો જોઇએ. કારણ કે તેના પાયામાં કર્મ-તત્ત્વ પડેલું છે. જીવનના એક મૂળભૂત એકમ તરીકે જયારે કર્મનો વિચાર કરીએ તો અવશ્ય એવું જણાશે કે કર્મો સાથે આપણી માનસિક કક્ષા તથા ક્ષમતા સંકળાયેલી છે. સંસારમાં માત્ર કર્મ જ સત્ય છે. કર્માનુસાર માનવીનું જીવન ઘડાય છે અને તે પ્રમાણે વ્યતિત થાય છે. અંતે કર્મ પ્રમાણે વિલય પણ પામે છે. આ દૃષ્ટિએ જોઇએ તો કર્મને જ સંસાર કહેવું પડે. જો કર્મ ન હોય, કે કર્મનું અસ્તિત્વ જ ન હોય તો આ સંસારમાં અસ્તિત્વની કલ્પના પણ ન થઇ શકે. એટલે કવિ પ્રેમાનંદની પંક્તિ પલટાવી 'કર્મ ઊભો સકળ સંસાર' તેમ ગાવું જોઇએ.

આપણે તો આ સંસારને તેના સાચા સ્વરુપમાં પામવાનો કોઇ પ્રયત્ન કરતા જ નથી. નાના મોટા પ્રશ્નો, ઝગડાઓ તથા બાહ્ય - ઉપરછલ્લા દેખાવોમાં જ સમય પસાર થઇ જાય છે. સંસાર-સાગર તો ખારો છે તેનો પાર પામવા મુશ્કેલ છે. તેવા ચીલાચાલુ વાકયો વડે જ સંતોષ માનવીએ છીએ. પણ જો સંસારને તેના સાચા સ્વરુપમાં પામવો હોય તો આવશ્યક સત્કર્મ કરો પ્રેમમય આચરણ કરતા રહો. તેમાં ઓતપ્રોત બનો સંસારથી ભાગતા રહીને, તેનાથી કંટાળતા રહીને તેનો સાચો ભાવ ન મળે. કોઇ પણ કારણે કે કારણ વિના સંસારનો ત્યાગ કરવો, ભાગી છૂટવું એ તો કાયરતા છે. જે વ્યક્તિ કર્મ કરવામાં અશક્ય છે તેજ તેવું વિચારે સંસારથી ભાગવાને બદલે પુરા જોશથી તેનું મંથન કરી અમૃત પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો. આ માટે કાર્યોનો જ સહારો લેવો જરુરી છે. સાગર-મંથનની કથા આપણે ત્યાં છે જેમાં દેવો તથા અસુરો સાથે મળી સાગરને વલોવે છે. એ દૃષ્ટાંત દર્શાવે છે કે દરેકને કર્મ કરીને જ અમૃત પ્રાપ્ત કરવાનું છે. અમૃત એટલે કલ્પનાનું કોઇ પ્રવાહી નહીં પણ જીવન જીવવાની પદ્ધતિ અથવા તો જીવીત રહેવા માટેની, આજીવિકા પ્રાપ્તિ કરવાની પ્રક્રિયા. અનિશ્ચિત મનોદશા, કર્મ કરવું કે ન કરવું તેવી અવઢવણાં આ માનવ - અવતાર ક્ષણોમાં પૂરો થઇ જશે. માત્ર શારિરિક સુખ કે વૈભવ પાછળની આંધળી દોટ પણ મુશ્કેલીમાં જ મુકશે. આ અવતારમાં શું પ્રાપ્ત કરવાનું છે તેનો પૂર્ણ વિચાર કરી તેની પાછળ પડો. જે પ્રાપ્ત કરવા જેવું છે જે માટે સંતો-મહંતો કાયમ ઉપદેશ આપે છે તે પરમને માટે કર્મ કરતા રહો. જો કર્મો શ્રેષ્ઠ કરશો તો તમારો આ સંસાર પણ શ્રેષ્ઠ જ બનશે. જીવનના સુખદુઃખ માટે કે અન્ય સાથેના સંબંધો સુધારવા, બગાડવા માટે કર્મો જ જવાબદાર છે.

માનવ માત્ર ગત જન્મના કરેલા કર્મોના અનુસંધાનમાં જ તેવા પ્રકાર તથા જાતિમાં જન્મ પામે છે. જો તમારી માનસિક ભાવના હિંસક હોય. જો તમે વારંવાર અન્યના વિનાશનો વિચાર કરતા હો, તો તમારો આવતો જન્મ હિંસામાં માનનાર જાતિમાં જ થાય. કર્મના નિયમને તોડતો એવો કોઇ જન્મ થતો નથી. ખુદ પરમાત્માને પણ અવતાર લેવામાં કર્મના આ નિયમને પાળવો પડે છે. જન્મને આધારે જેમ કર્મો છે તેમ આ જીવનમાંના આપણા વિકાસનો આધાર પણ કર્તવ્ય કર્મો જ ગણાય. આ જગત પર કેટલો સમય હવે ટકવાનું છે. કેટલા શ્વાસ લેવાના છે. આ બાબત તો આપણા જન્મ સાથે જ નક્કી થઇ ગઇ હોય છે માટે જ કહેવાય છે કે જન્મ અને મૃત્યુ સાથોસાથ ચાલે છે. આપણા સુખ કે દુઃખ માટે બાહ્ય તત્ત્વોને જવાબદાર ઠેરવા તે તો અજ્ઞાનતા છે. આ માટે કર્મને જ જવાબદાર ઠેરવવા જોઇએ. જો તમારા કર્મો દુષ્કર્મો હશે તો તમારો સંસાર પણ કલેશમય - કંટાળાજનક હશે. તમને જયારે જીવનમાં કંઇ પણ સાર - જેવું ન લાગે તો સમજવું કે આપણા કર્મો દુષ્કર્મો થયા છે. મનમાં અશાંતિ-જીવનમાં અસંતોષ તથા ઘરમાં જો કલેશમય વાતાવરણ રહેતું હોય તો તે તમારા સ્વાભાવિક કર્મોને કારણે છે જેને સુધારવા માટે તમારે સતત જાગૃતિ કેળવવી પડે. બાકી તો ડગલે ને પગલે આપણા કર્મો આપણી પાછળ પડેલા હોય છે.

કર્મનું બંધન સખત છતાં નિર્લેપ પણ હોય છે. જરા જાગૃત રહી સત્કર્મો તરફ તમારી ગતિ વધારશો તો કર્મનું બંધન ઢીલું પડતું જાય છે. પરિણામે જીવન રસમય - આનંદમય પણ બને છે પરંતુ મોટી તકલીફ એ છે કે આપણે કર્મના નિયમને સ્પષ્ટ ને સાચા સ્વરુપે પામી શકતા નથી. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કર્મ - અકર્મ તથા વિકર્મ ને પુરેપુરા સમજવા કહ્યું છે. ગહના કર્મણા ગતિ જેવા સૂત્રો દ્વારા આ વાત કેટલી ગંભીર તથા ગહન છે તે બાબત ઇશારો કર્યો છે. આ વાત જ આપણે વારંવાર ભૂલી જઇએ છીએ. કર્મ પરત્વેના આપણાં તથા પરમ તત્ત્વના દૃષ્ટિબિંદુ અલગ પડતા હોય છે. જેને આપણે સત્કર્મ માનતા હોઇ વારંવાર કરતા રહીએ છીએ. તેવા કર્મો પરમની નજરે સત્કર્મ નથી પણ હોતા. આવો ભેદ સમજવા માટે આત્મજ્ઞાનનો માર્ગ લેવો પડે. પરંતુ જયા સુધી અજ્ઞાનનો અહંભાવ ખરી ન પડે ત્યાં સુધી આત્મજ્ઞાન થતું નથી. બાહ્ય સંપદની પ્રાપ્તિ માટે થયેલો કે કરાયેલા કર્મો મોટા ભાગે દુઃખદ હોય છે. જયારે આંતરિક સંપદા - પ્રાપ્ત કરવા માટે જે થોડુંઘણું પણ કરીએ તે સદા માટે સુખમય બને છે. કામનાઓમાંથી નિવૃત્તિ એ કર્મ-જંજાળમાંથી છૂટવાનો એક માત્ર ઉપાય છે. કારણ તમામ કર્મોના પાયામાં તો મનમાં પડેલી કામનાઓ જ હોય છે. કામનાઓ, ઇચ્છાઓની પૂર્તિ માટે કર્મો સાચવવામાં આવે છે. જીવનમાં શુભ તથા અશુભ સમય પણ આપણા કર્મોને કારણે જ આવે છે. સામાન્ય જનતા તો 'ગ્રહદશા' તથા 'પનોતિ' ની વાતો કરતી હોય પરંતુ કોઇ ગ્રહ-નક્ષત્ર-ચંદ્ર કે ગુરુ... માનવ જીવન પર કોઇ અસર કરનારા તત્તવો નથી. માત્ર સૂર્યને જ જીવનશક્તિ ઉર્જાનો પ્રદાતા માનવામાં આવેલ છે. બાકી જીવનમાં આવતા સારા-માઠા પ્રસંગો માટે ન તો કોઇ દેવ-દેવી જવાબદાર છે. ન તો ગ્રહદશા. આ ઉપરાંત ઘણી વખત 'હમણાં સમય ખરાબ ચાલે છે.' તેવું લોકો કહેતા હોય છે. સમય કયારેક સારો કે ખરાબ હોતો નથી આપણે સમયને યોગ્ય રીતે પારખી શકતા નથી. વર્તમાનમાં જીવવાનું આપણને ફાવતું નથી કાં તો ભૂતકાળને વાગોળ્યા કરતા હોઇએ અથવા તો ભાવિના મનઘડંત તરંગોમાં અટવાતા હોઇએ. પણ વર્તમાન જ સાચો સમય છે. આપણે તેના માલિક છીએ આ સમયમાં જ યોગ્ય કર્મો કરી શકાય છે. વર્તમાન તો આપણને મળેલી મહાન સંપત્તિ સમાન છે. નવા કર્મો કરવા, અનાસક્ત ભાવે કર્મો કરવા એ વર્તમાનનો આદેશ છે. ભૂતકાળના તમામ બંધનોમાંથી મુક્ત થઇને તો જ વર્તમાનમાં સત્કર્મો થઇ શકે. આપણી વૃત્તિ કાર્ય - મુત્લવી રાખવામાં નહિ તે પૂર્ણ કરવામાં હોઇ જોઇએ.

કેટલીક વખત એવું પણ બને છે કે નિયત કર્મો યોગ્ય રીતે કરવામાં આવ્યા હોય, છતાં આપણને સંતોષ ન થાય, ધાર્યા પ્રમામે બદલો ન મળે. લોકો પ્રોત્સાહન આપવાના બદલે નિંદા કરે, ત્યારે સત્કાર્ય કરવામાં પણ મન પાછું પડે છે. આનું કારણ તો ભૂતકાળમાં આપણને થયેલા વિવિધ અનુભવોમાં પડ્યું હોય છે. ગત - જન્મની પૃષ્ઠભૂમિ પર જ કર્મની બારાખડી મંડાતી હોય છે. શાસ્ત્રો તો એવું પણ કહે છે કે આપણે જે કર્મો કરવાના છે તે પણ નિયમ થઇ ગયેલાં જ છે. તમો નવું કશું કર્મ કરી શકતા નથી. આપણા પૂર્વભવના સંસ્કારો જ આપણને અણુક પ્રકારના કર્મો કરવા પ્રેરતા હોય છે. અર્જુને પણ આવો પ્રશ્ન પુછેલો, 'ઇચ્છા ન હોવા છતાં માનવ શા માટે પાપ કરે છે?' શંકરાચાર્ય પણ કહે છે 'ધર્મ કરવાની ઇચ્છા હોવા છતાં માણસ અધર્મ કેમ આચરે છે?' દુર્યોધનની મનોભૂમિકા પણ આ બાબતમાં જાણીતી છે.

કર્મનું ચક્કર કાયમ માટે ફરતું રહે છે. આપણે જે કરવાનું છે તે કર્મો પણ નિયત થઇ ગયા છે. તે કર્મો જ આપણા શુભ-અશુભ માટે, આપણા સુખ-દુખ માટે, ભય કે કલ્યાણ માટે જવાબદાર છે. તમારા રોગના પાયામાં પણ જે કંઇ તમારાથી અયોગ્ય થયું છે તે પડેલું છે.

જો જીવનમાં શાંતિ પામવી હોય તો કર્મ પરત્વેની દૃષ્ટિ બદલવી જોઇએ. દરેક કર્મ જ્ઞાનપૂર્વક કરવા પડે. ઇશ-ઉપનિશદમાં જણાવાયું છે કે કર્મ કરતાં કરતાં જીવવાની ઇચ્છા રાખો. માત્ર અનાવશ્યક કર્મોના પોટલાં ન બાંધતા કયું કર્મ આવશ્યક છે. તે સમયે તેને જ પ્રથમ સ્થાન આપવું કોઇ પણ કર્મનો આદર કરતાં પહેલાં મનમાં ને મનમાં વિચારવું આપણા 'માહ્યલાને પૂછવું કે નહિ?' આત્મ સદૈવ સાચો જ જવાબ આપે છે. આત્માના અવાજને અનુસરી જો આપણે આપણા કર્મોની ગોઠવણ કરીએ તો એ કર્મયોગ જ મુક્તિના બારણે લઇ જનારો થશે.

મેગી બીન આરોગ્યપ્રદ છે તો સીગારેટ ઉપર પણ પ્રતિબંધ મુકવો જોઈએ

સીઓટીપીએ કાયદાની કલમ ૭ મુજબ હાનિકારક પદાર્થ ગણેલ છે

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

દેશમાં ૧૯૭૫ માં ટોબેકો ઉત્પાદન પુરવઠા અને વિતરણ અંગે કાયદાકીય રીતે નિયમો લાગુ પાડવામાં આવ્યા સુપ્રિમ કોર્ટે મુરલી દેવડા વિ. યુનિયન ઓફ ઈન્ડીયાના કેસમાં ઠરાવ્યું કે તમાકુ સેવન પ્રજાના આરોગ્ય માટે હાનિકારક છે દેશમાં દર વર્ષે તેના કારણે લાખો લોકોના મોત થાય છે. દર વર્ષે ૧૩૫૦૦ કરોડનું દેશને ઉત્પાદકતાના કારણે નુકશાન પડે છે જે નુકશાન તમાકુની કર આવક કરતા વધારે છે. સુપ્રિમ કોર્ટના ચુકાદા બાદ સીગારેટના ઉત્પાદન ઉપર લખવામાં આવ્યું કે "સીગારેટ પીવી આરોગ્ય માટે હાનિકારક છે" સને ૨૦૦૩ માં સીગારેટ તથા તમાકુના ઉત્પાદનની જાહેરાત ઉપર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો અને તમાકુ ગુટકાના વેપાર, વાણિજ્ય, ઉત્પાદન, પ્રદાન અને વિતરણ વિનિમય અંગે સીઓટીપીએ અન્વયે નિયમ બનાવ્યા જેને સીગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડકટ એકટ ૨૦૦૩ નામ આપવામાં આવ્યું. દેશમાં લાગુ કરવામાં આવ્યો હતો સને ૨૦૦૪ માં શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ મીટરની અંદર તમાકુ પ્રોડકટ વેચવા સામે પ્રતિબંધ મુકવામાં આવ્યો ત્યારબાદ ૧૮ વર્ષથી નીચેના વ્યકિતને તમાકુ પ્રોડકટ વેચવા સામે પણ પ્રતિબંધ અને કાયદો લાવવામાં આવ્યો તેમજ ૨૦૦૮ માં જાહેર સ્થળોએ ધુમ્રપાન કરવા સામે પણ પ્રતિબંધ લવાયો અને ગુજરાત પોલીસ એકટ મુજબ દંડ તથા સજાની જોગવાઈ કરવામાં આવી તેમ છતાં જાહેર સ્થળો અને કોર્ટ પરિસરમાં પણ જાહેરમાં ધુમ્રપાન રોકટોક સીવાય આજદિન સુધી ચાલ્યુ આવે છે.

જાહેર સ્થળો એટલે કે હોટલ, સીનેમા, સરકારી કચેરીઓ, એરપોર્ટ, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, પુસ્તકાલય, કોર્ટ, પોસ્ટ ઓફિસ, માર્કેટ પ્લેસ મોલમાં જાહેરમાં ધુમ્રપાન કરવા સામે પ્રતિબંધ મુકાયો તે મતલબના જાહેર બોર્ડ પણ મુકવામાં આવ્યા છે.

સીઓટીપીએ ની કલમ ૭ મુજબ તમાકુ પ્રોડકટના પેકીંગ ઉપર ૪૦ ટકા હિસ્સામાં નુકશાનકારક જાહેરાતો છાપવી ફરજીયાત બનાવી હોવા છતાં લોકો તમાકુ પ્રોડકટ ખરીદવાનું છોડતા નથી. સીઓટીપીએ ની કલમ ૪ મુજબ જાહેર સ્થળે ધુમ્રપાન કરવા સામે પ્રતિબંધ છે. જાહેર સ્થળે ૬૦ ટ ૩૦ સેમી ના ધુમ્રપાન નિષેધ અંગેના બોર્ડ મુકવાનું ફરજીયાત બનાવેલ છે તેમજ "નો સ્મોકીંગ ઝોન" ના બોર્ડ લગાવવા ફરજીયાત છે આ બોર્ડ ઉપર કાયદાનું અવમાન કરનાર સામે ફરીયાદ કરવા માટે અધિકારનું નામ, નંબર લખવા પણ ફરજીયાત કરાવાયા છે.

સેકશન (બ) મુજબનો ભંગ કરનાર સામે રૂા.૨૦૦ નો દંડની જોગવાઈ છે. કિમીનલ પ્રોસીજર કોડ મુજબ દંડ ના ભરનાર સામે કેસ પણ ચલાવી શકાય પરંતુ અત્યાર સુધીમાં આવા એક પણ કેસમાં કોઈપણ વ્યકિતને સજા કરેલ નથી. લોકો દંડ ભરી છુટી જાય છે. આવા પ્રકારના ગુન્હા જામીન પાત્ર હોય લોકો કાયદાની છટકબારીનો લાભ લે છે અને જાહેરમાં કાયદો તોડે છે.

હુક્કાબાર ચલાવનારને પણ સજા આપવામાં આવે છે તેમ છતાં ગેરકાયદેસર હુક્કા બાર પોલીસની રહેમનજર નીચે ચાલે છે અને દેશનું યુવા ધન બરબાદ થતું જાય છે. હુક્કા બાર ઉપર સીઆરપીસી ની કલમ ૧૪૪ લગાડવામાં આવે છે તેમજ સીએટીબીએ ના નિયમો ના નિયમો પણ લાગુ કરવામાં આવ્યા છે. હાલમાં હુક્કા બાર ઉપર કર્ણાટક, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

ભારતે ૨૦૦૦ ની સાલમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઝેશન ફ્રેમ વર્ક કન્વેકશન ઓ ટોબેકો કન્ટ્રોલ કરાર ઉપર હસ્તાક્ષર કરેલ છે તેમજ દેશ ડબ્લ્યુ. એચ. ઓ. ના નિર્દેશોનું કડક રીતે પાલન કરશે તેમ જણાવેલ છે. દેશમાં સક્રિય ધુમ્રપાનનું પ્રમાણ ૫૨.૫ ટકા છે માત્ર ૨૦ ટકા સ્થળે જ સાઈન બોર્ડ લગાવેલા છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે સને ૨૦૦૯ માં ધુમ્રપાન ઉલ્લંઘન અંગેની ફરીયાદ નોંધવા હેલ્પ લાઈન નંબર સેવા ૧૮૦૦-૧૧૦-૪૫૬ શરૂ કરવામાં આવી છે ધુમ્રપાન દંડ વસુલવા માટે પણ ખાસ કાયદાની જોગવાઈ છે. સ્થળ ઉપર આવો દંડ વસુલ કરવા મોબાઈલ વાન સુવિધા પણ છે અને ફરજ પરના પોલીસ કોન્ટેબલ પણ સ્થળ ઉપર દંડ વસુલ કરી પાવતી આપી શકે છે.

રાજય ફુડ એન્ડ ડ્રગ્સ એડમીનીસ્ટર ઓફિસર, ડિસ્ટ્રીકટ હેલ્થ સોસાયટીના અધિકારી, પંચાયત રાજના પ્રતિનિધિ, ચીફ મેડીકલ ઓફિસર, સરકારી કચેરીના વડા પણ આવો દંડ વસુલ કરી શકે છે.

પોલીસ અધિકારીઓને સીઓટીપીએ અનુસાર એફ.આઈ.આર. નોંધવાની પણ સત્તા આપવામાં આવી છે. કાયદો તથા સત્તા હોવા છતાં ઝંઝટમાં પડવા પોલીસ અધિકારી તૈયાર હોતા નથી. સને ૨૦૧૨ માં સમગ્ર ભારતમાં ગુટકા ઉપર પ્રતિબંધ લદાયો છે તેમ છતાં દરેક જગ્યાએ જુદા અલગ અલગ પેકેટમાં સાદા ગુટકા સાથે તમાકુનું અલગ પેકેટ વેચાણ કરવામાં આવે છે. ખાવાવાળા બન્ને પેકેટ મીશ્ર કરી ગુટકા બનાવી જાહેરમાં ખાઈ અને જાહેરમાં જ થુંકે છે. કાયદો માત્ર કાગળ ઉપર હોય તેવું જણાય છે. જાહેર સ્થળે સગર્ભા સ્ત્રીઓ, નાના બાળકો વિના વાંકે ધુમ્રપાનની સજા ભોગવી રહ્યા છે અને આરોગ્યને અસર પહોંચાડનારા બેફામ ગુટકા, સીગારેટનું સેવન કરી કાયદાનો ભંગ કરી સ્વચ્છ અને સ્વસ્થ્ય ભારત અભિયાન ઉપર પાણી ફેરવતા રહે છે. જયાં સુધી કાયદાનો કડક રીતે અમલ નહી થાય ત્યાં સુધી સ્વસ્થ્ય ભારતની સ્વચ્છ ભારત કાગળ ઉપર જ રહેશે. માત્ર બિનઆરોગ્યપ્રદ પદાર્થો નાશ કરવાથી નહી પણ ગુટકા, સીગારેટ સેવન ઉપર પ્રતિબંધ મુકવાથી જ દેશનું આરોગ્ય સચવાશે. દેશમાં દર વર્ષે ૮ લાખ લોકો ટોબેકોના કારણે ભોગ બને છે. ધુમ્રપાન એ આરોગ્યને હાનીકારક છે તેમજ આર્થિક રીતે પણ એટલું જ હાનિકારક છે. જેના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મુકવો જોઈએ.

પરભાષા અંગ્રેજીની ખોટી જોડણી બદલ આપણને જેટલો ક્ષોભ કે શરમ લાગે છે, તેના કરતાં માતૃભાષાની ખોટી જોડણી લખીને - તેનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઈએ - ક્ષોભ થવો જોઈએ

ગુજરાતીને સમૃદ્ધ અને ગૌરવવંતી બનાવીએ!

- ચર્ચાસભા

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

છેલ્લા બે દિવસથી ગુજરાતી ભાષાના તજ્ઞો, જ્ઞાનીઓ ગુજરાતી ભાષાના એસ.એમ.સી. અને એચ.એસ.સી. પરિક્ષાના પરિણામની ચિંતા કરીને, કોઇક ગુજરાતી ભાષામાંથી જોડણી, છંદ, અલંકાર, પ્રત્યયો, સમાસ જેવાં, ભાષાને શણગારતાં આભૂષણોને દૂર કરી, ગુજરાતીને સરળ અને સરલ બનાવવા મંતવ્યો પ્રગટ કરી ચૂક્યાં છે. મહાત્મા ગાંધીજીએ કહેલું, કે 'જેવી અરાજકાત ગુજરાતી શબ્દોની જોડણી વિષે પ્રવર્તે છે, એવી જ ભાગ્યે જ બીજી કોઇ ભાષામાં હશે. મરાઠીમાં નથી, બંગાળીમાં નથી, તામિલમાં નથી, ઉર્દૂમાં નથી અરે યુરોપની ભાષાઓમાં તો નથી જ! જે ભાષાના શબ્દોની જોડણી બંધાઇ ન હોય, તે ભાષાનો બોલનારા જંગલી ન કહેવાય તો શું કહેવાય? મનુષ્ય જેમ આગળ વધે તેમ તેની ભાષા પણ આગળ વધે જ છે. ભાષા ઉપરથી તેના બોલનારાની પરિક્ષા ઘણી બાબતમાં કરી શકાય છે.' 'હગ, મર, ટપર' લખનારની જ્ઞાનની પરિક્ષા કરવામાં વાર ન લાગે.' ગાંધી બાપુના આ વિચારો ગુજરાતી ભાષાની ગરીમા, તેની અસાધારણ સમૃદ્ધિ અને તે અનંતકાળ સુધી અતૂટ અને અડગ રહી શકે તે માટે, આપણને ઘણું ઘણું કહી જાય છે!

ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ, સર્વે ભાષાઓની જનેતા એવી, દેવભાષા સંસ્કૃતમાંથી થયો છે તે સર્વ વિદિત છે. રેવ. જોસેફ વાન સોમરન ટેલરે પણ કહ્યું છે કે, 'ગુજરાતી - આર્યકુલની, સંસ્કૃતિની પુત્રી - ઘણી ઉત્કૃષ્ટ ભાષાઓની સગી છે! તેને કોણ કદી અધમ કહે! પ્રભુ એને આશીર્વાદ દેજે. જુગના અંત સુધમાં એની વાણીમાં સત વિદ્યા, સદ્‌જ્ઞાન, સદ્ધર્મ સુબોધ હોજો અને પ્રભુ - કર્તા, ત્રાતા, શોધક - એનું વખાણ સદા સુણાવજો.'

આમ ગાંધીબાપુના તથા જોસેફ વાન સોમરન ટેલરના વિચારોથી પરિપૂર્ણતા અને તાદૃશ્યતા ત્યારે જ પરિપૂર્ણ થાય, જયારે આ ભાષામાં જોડણીની વિશેષતા હોય, ઉજ્જવળ પરંપરા સર્જતી, શક્તિ-સામર્થ્ય, આધાર-વિશ્વાસ, પુષ્ટિ-સંતુષ્ટિ આપતી બલિષ્ઠતા હોય! જોડણી વિનાની - વિનાની ભાષાની ખેવના - વિચાર એ વંધ્ય વિચાર છે અને આ વિચાર ગણિતના શૂન્ય જેવો છે! જેમ એકલા શૂન્યથી લેશમાત્ર કિંમત નથી, પરંતુ જયારે તે એકડા પાછલ કે કોઇ પણ અંક પાછલ લાગે છે, તો તેની કિંમત દશગણી વધારે છે, તેમ જો જોડણી એ ભાષા સાથે જોડાય તો ભાષા મૂલ્યવાન બની રહે છે. જેમ નાક, કાન અને બીજા અંગ-ઉપાંગો વિના મનુષ્ય શોભે નહીં, તેમ જોડણી વિનાની ભાષા પણ કઢંગી, બેડોળ લાગે! વાક્યરચના જોડણી વિના અશુદ્ધ લાગે!

અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી (સ્પેલિંગ) ખોટી કરતં, તેનો કોઇ અર્થ નિહિત થતો નથી અને લખનારની બેકાળજી કે અણઆવડત બદલ તેના જ્ઞાનની કસોટી થઇ જાય છે. પરભાષા અંગ્રેજીને ખોટી જોડણી બદલ આપણને જેટલો ક્ષોભ કે શરમ લાગે છે, તેના કરતાં માતૃભાષાની ખોટી જોડણી લખીને - તેનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઇએ - ક્ષોભ થવો જોઇએ. જોડણીને કારણે તેના થોડાક જ ફેરફારથી અર્થનો અનર્થ થઇ જાય અને ગૂંચવાડાનું ઝાળું ગૂંથાઇ જાય!

દા.ત.

**પાણી - પોણિ, ચીર - ચિર, સિત-સીત, સુત-સૂત, મિલ-મીલ, બિન-બીન, વિણ-વીણ, વિત-વીત, વિજન